# સંસ્થા ખાતે આવેલ સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા માટેની સેવા પૂરી પાડવા માટેનું ટેન્ડર ફૉર્મ

**સંસ્થાનું નામ : સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા**
**શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫**

| | |
|---|---|
| પરિશિષ્ટ-૧ | સંસ્થા ખાતે સ્ટુડન્ટ સ્ટોર ચલાવવાનો ઇજારો આપવા અંગેના કરારની શરતો |
| પરિશિષ્ટ-૨ | સ્ટુડન્ટ સ્ટોર માટેના ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો |
| પરિશિષ્ટ-૩ | પૂર્વ લાયકાત માટેનું પત્રક તથા ટેન્ડર ફૉર્મ સાથે જોડવાના દસ્તાવેજ તથા પ્રમાણપત્રોની યાદી. |
| પરિશિષ્ટ-૪ | પેઢી/એજન્સી તરફથી ઓફર કરવામાં આવેલ નિભાવ ખર્ચ પેટે ની રકમ નું પત્રક |
| ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ: | જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ અથવા તા- ૦૭/૦૯/૨૦૨૬ થી તા- ૦૭/૧૦/૨૦૨૬ સુધી. (ઓનલાઈન સંસ્થાની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવું) |
| પૂર્વ માહિતી (prebid) મીટીંગની તારીખ, સમય અને સ્થળ. | તારીખ- ૦૧/૧૦/૨૦૨૬; સમય બપોરે ૧૨:૦૦ કલાકે કોન્ફરન્સ રૂમ, મેઈન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| ભરેલ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ સમય અને સ્થળ. | તારીખ: ૦૭/૧૦/૨૦૨૬ સમય ૧૫:૦૦ કલાક સુધી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| સંસ્થા સાથે પત્ર વ્યવહાર માટેનું પુરૂ સરનામું | આચાર્યશ્રી ની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| ટેંન્ડર ફી (ફોર્મની કિંમત) | ટેન્ડર ફોર્મ સંસ્થાની વેબસાઇટ પરથી જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ ડાઉનલોડ કરી મેળવી શકાશે. ટેન્ડર ફોર્મની ફી પેટે રૂ. **૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) (Non refundable)** નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ "આચાર્ય સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા" ના નામજોગ તથા payable at Modasa હોય તેમ ટેન્ડર સાથે જમા કરવાનો રહેશે. |

તારીખ:

આચાર્ય
સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા

---

**<u>ટેન્ડર મેળવનાર પેઢી / એજન્સી ની વિગત:</u>**

પેઢી નું નામ: ____________________

સરનામું: ____________________

____________________

ફોન / મોબાઈલ નં : ____________________

આપનો ફોટો અહી ચીપકાવો

## પરિશિષ્ટ-૧

## સંસ્થા ખાતે સ્ટુડન્ટ સ્ટોર ચલાવવાનો ઇજારો આપવા અંગેના કરારની શરતો.

(૧) ટેન્ડર ભરનાર એજન્સીએ સંબંધિત કચેરીની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ ટેન્ડર ફોર્મ ભરીને પરત કરવાનું રહેશે. ટેન્ડર ફોર્મની ફી પેટે રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) (Non refundable) નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ " Principal Government Enginnering College Modasa" ના નામજોગ તથા payable at Modasa હોય તેમ ટેન્ડર સાથે જમા કરવાનો રહેશે. ટેન્ડર ફોર્મની ફી વગરના ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. ટેન્ડરના દરેક પાના ઉપર ઈજારેદારની સહી તથા સિક્કો હોવો ફરજિયાત છે.

(૨) ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતીની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, સ્ટુડન્ટ સ્ટોરની સ્થિતી વગેરેથી સુમાહિતગાર થઈ શકશે. આ અંગેની પ્રી-બીડ મીટીંગ તારીખ-૦૧/૧૦/૨૦૨૬ સમય બપોરે ૧૨:૦૦ કલાકે કોન્ફરન્સ રૂમ, મેઈન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા - ૩૮૩૩૧૫ ખાતે રાખેલ છે.

(3) ટેન્ડરની સાથે બિડાણનું ચેક લિસ્ટ :

(અ) પૂર્વ – લાયકાતનું સીલબંધ કવર :

- (૧) ટેન્ડર ફોર્મ તથા ઇ. એમ. ડી. નો ડ્રાફ્ટ
- (૨) પરિશિષ્ટ-૧, અને પરિશિષ્ટ-૨ ના તમામ પાનાં ઉપર જરૂરી વિગતો ભરી કોન્ટ્રાકટરની સહી સિક્કા સાથે
- (૩) પરિશિષ્ટ-૩ માં દર્શાવેલ અનુક્રમવાર આપવામાં આવેલ વિગતોની ફોટો નકલ/સદર્ભ પત્રો/ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર, એજન્સીના સહી સિક્કા સાથે રજૂ કરવા. જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહીં.
- (૪) બાંહેધરી પત્ર

(બ) ભાવ પત્રકનું સીલબધ કવર :

- (૧) પરિશિષ્ટ-૪ નાં તમામ પાનાં ઉપર કોન્ટ્રાકટરની સહી-સીકકા સાથે.

(૪) એજન્સીએ એક મોટા કવર ઉપર મોટા અક્ષરે "સ્ટુડન્ટ સ્ટોરનુ ટેન્ડર- ૨૦૨૬" લખી તેમાં (૧) પૂર્વલાયકાતનું બંધ કવર તથા (૨) ભાવપત્રકનું સીલબંધ કવર સીલબંધ હાલતમાં તારીખ: ૦૭/૧૦/૨૦૨૬ સમય ૧૫:૦૦ કલાક સુધીમાં આચાર્યશ્રીની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ ખાતે કોઈ પણ માધ્યમથી (રૂબરૂ/ કુરીયર થી/ આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટ) થી નિયત સમય મર્યાદા માં મળી રહે તે રીતે એજન્સી ની સંપૂર્ણ જવાબદારી થી મોકલી આપવાનું રહેશે. વિલંબ થી મળેલ ટેન્ડર માટે સંસ્થા કોઈ રીતે જવાબદાર રહેશે નહી. નિયત તારીખ સમય બાદ મળેલા ટેન્ડર રદ-બાતલ ગણાશે.

(૫) પૂર્વલાયકાત ધરાવતું ટેકનીકલ બીડનું કવર તારીખ: ૦૮/૧૦/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે આચાર્યશ્રી ની કચેરીમાં ખોલવામાં આવશે.

(૬) ટેન્ડર ભરનાર એજન્સીએ અરજી સાથે અર્નેસ્ટમની ડિપોઝીટ તરીકે રૂ.૧૦,૦૦૦/-ની રકમનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ " Principal Government Enginnering College Modasa" ના નામજોગ તથા payable at Modasa હોય તેમ જમા કરવાનો રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટ (EMD) વગરના ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. કામ નો ઇજારો ના મેળવનાર એજન્સીને તેઓને અર્નેસ્ટમની ડિપોઝીટ (EMD) ની રકમ એક માસ બાદ પરત મળવાપાત્ર રહેશે.

(૭) એજન્સીએ ટેન્ડર સ્વીકાર્યા થી દિન-૭ માં સીક્યોરીટી ડીપોઝીટ તરીકે ૨૫,૦૦૦/- (પચ્ચીસ હજાર પૂરા) નો નેશનલાઈઝ્ડ બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ " Principal Government Enginnering College Modasa" ના નામજોગ તથા payable at Modasa હોય તેમ "આચાર્યશ્રીની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા" ના કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે. કરારખત રૂપિયા ૫૦/- (પચાસ) ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનો રહેશે. સિક્યોરીટી ડીપોઝીટ જમા થયા બાદ જ સ્ટુડન્ટ સ્ટોર ચાલુ કરવાની મંજુરી આપવામાં આવશે. ઉપરોક્ત સિક્યોરીટી ડિપોઝીટ ની રકમ કરારની તમામ શરતો અને મુદત પૂર્ણ થયાના એક માસ બાદ, કામગીરી સંતોષકારક જણાયે

અને બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામા આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઇપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહી.

(૮) નિયમ મુજબ એજન્સી ને કામ નો ઇજારો આપ્યા બાદ તે એજન્સી ટેન્ડરમાં દર્શાવેલ કામગીરી કરવાની અસમર્થતતા દર્શાવશે તો અર્નેસ્ટમની ડિપોઝીટ જપ્ત કરી લેવામાં આવશે.

(૯) કોન્ટ્રાકટરે પોતાની સસ્થાનું રજીસ્ટ્રેશન કર્યાની નકલ, PAN CARD ની નકલ, આ પ્રકારના કાર્ય કરેલ હોય તેના અનુભવના પ્રમાણપત્ર/ઓર્ડરની નકલ રજૂ કરવાની રહેશે. કોન્ટ્રાકટર કોઈ નાણાકીય સસ્થાનાં ડીફોલ્ટર નથી તથા કોઈ પોલીસ કેસ રેકર્ડ પર નહી હોવાનું એકરાર નામું રજૂ કરવાનું રહેશે.

(૧૦) નિયત સમય મર્યાદામાં રજી. પો.એ.ડી. થી મળેલ ટેન્ડર તા- ૦૮/૧૦/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસાની કચેરી ખાતે ખોલવામાં આવશે. જેમાં ટેન્ડર ભરનાર અથવા નિયુકતી કરેલ પ્રતિનીધી હાજર રહી શકશે.

(૧૧) જો એજન્સી દ્વારા શરતોનું પુરેપુરૂ પાલન નહી કરવામાં આવે, તો સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૧૨) સંસ્થા ખાતેની સ્ટુડન્ટ સ્ટોર ચલાવવાનો કોન્ટ્રાકટ પ્રાથમિક તબક્કે ૦૧ (એક) વર્ષ સુધીનો રહેશે. સદર કરારમાં ઘટાડો કે વધારો કરવાનો અધિકાર આચાર્યશ્રીનો રહેશે. જે અંગે સંબંધિત ઈજારાદારને એક માસ પૂર્વે માહિતગાર કરવામાં આવશે. જો એજન્સીની કામગીરી સંતોષકારક માલૂમ પડશે તો, આ જ શરતો અને ભાવથી મૂળ કોન્ટ્રાકટની મુદત ના ૫૦% (પચાસ ટકા) એટલે કે છ મહિનાની મુદ્દત વધારી આપવામાં આવશે.

(૧૩) એજન્સી એ વીજળીના બીલ માટે સંસ્થા તરફથી અલગ ઈલેકટ્રીક મીટર મુકવામાં આવશે તથા પ્રતિ માસ વપરાશ અનુસાર ઇલેકટ્રીક બીલ ની રકમ ની આકારણી કરવામાં આવશે. લાગુ પડતી રકમ જે તે પેઢી એ એકાઉન્ટ સેકશનમાં દર મહિનાની ૧૦ તારીખ સુધી ભરી દેવાની રહેશે. તેની પહોચ જીમખાના વિભાગના ઈન્ચાર્જ/આસીસ્ટન્ટને સબમીટ કરવાની રહેશે. જો એમ કરવામાં એજન્સી નિષ્ફળ જશે, તો કોન્ટ્રાકટ રદ થવાને પાત્ર થશે તેમજ સદર નાણાની વસૂલાત એજન્સીએ જમા કરાવેલ સિક્યોરીટી ડીપોઝીટમાંથી કરવામાં આવશે.

(૧૪) સંસ્થા તરફથી ફર્નિચર તથા અન્ય સાધનો જે સ્થિતીમાં અને જેમ છે તે મુજબ અને તે જ સ્થિતીમાં આપવામાં આવશે. ફર્નિચર તથા અન્ય સાધનો સાચવવાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. કોન્ટ્રાકટ પૂરો થયે, એજન્સીએ સંસ્થાએ આપેલ તમામ ફર્નિચર તથા અન્ય સાધનો અધ્યતન હાલતમાં સંસ્થાને પરત કરવાના રહેશે. સંસ્થા તરફથી આપવામાં આવેલ ફર્નિચરની યોગ્ય નિભાવણી કરવાની રહેશે.

(૧૫) સૂચનો અને ફરિયાદો અંગેનુ એક રજીસ્ટર એજન્સીએ કોન્ટ્રાકટ મળ્યા પછી જાહેરમાં ટેબલ પર રાખવાનુ રહેશે.

(૧૬) એજન્સીએ સ્ટુડન્ટ સ્ટોરની તમામ ચીજ-વસ્તુઓ એમ.આર.પી. (MRP)થી વધારે ભાવમાં વહેંચી શકશે નહી. એજન્સીએ સ્ટુડન્ટ સ્ટોરની અન્ય ચીજ-વસ્તુઓ કે જેમાં એમ.આર.પી. (MRP) લાગુ પડતી ના હોય જેવી કે ઝેરોક્ષ, પ્રિન્ટ, પેપર બાઇન્ડીગ વિગેરેના ભાવોનું નીચે દર્શાવેલ કોષ્ટક મૂજબનું ભાવપત્રક બધાને સારી રીતે દેખાય અને વાંચી શકાય એ રીતે સ્ટુડન્ટ સ્ટોરમાં રાખવાનું રહેશે. વધુમાં વખતોવખત થતા ભાવવધારો સ્ટુડન્ટ સ્ટોરની કમીટી પાસે મંજૂર કરાવવાના રહેશે. ભાવપત્રકમાં દર્શાવેલ ભાવો પ્રમાણે જ ગ્રાહક પાસેથી વસૂલવાના રહેશે.

| **ક્રમ નંબર** | **કામની વિગત** | **પ્રતી નંગ દીઠ ભાવ (રૂ.)** |
|---|---|---|
| ૧ | ઝેરોક્ષ એક બાજુ ($A_4$) | ૧ |
| ૨ | ઝેરોક્ષ બે બાજુ ($A_4$) | ૨ |
| ૩ | બ્લેક-વાઇટ પ્રિન્ટ ($A_4$) | ૩ |
| ૪ | કલર પ્રિન્ટ ($A_4$) | ૭-૧૦ |
| ૫ | બ્લેક-વાઇટ પ્રિન્ટ ($A_3$) | ૫ |
| ૬ | કલર પ્રિન્ટ ($A_3$) | ૧૫-૨૦ |
| ૭ | પટ્ટી બાઇન્ડીગ | ૧૫ |
| ૮ | સ્પાયરલ બાઇન્ડીગ | ૨૦ |

(૧૭) સ્ટુડન્ટ સ્ટોરમાં કોઈપણ જ્ઞાતીના અને ધર્મના ભેદભાવ વિના દરેકને પ્રવેશવાનો અધિકાર રહેશે.

(૧૮) એજન્સીએ સ્ટુડન્ટ સ્ટોરમાં કર્મચારી તરીકે પુખ્તવયના કર્મચારીઓને જ નિમવાના રહેશે. આ કર્મચારીઓ ફરજ દરમ્યાન કોઇ ગંભીર/ચેપી બિમારીથી પીડાતા ન હોવા જોઈએ.

(૧૯) સ્ટુડન્ટ સ્ટોરમાં બેનર કે કોઇ પણ પ્રકારની જાહેરાત લગાડવા માટે સંસ્થાની પરવાનગી લેવાની રહેશે.

(૨૦) એજન્સીની કોન્ટ્રાકટની મુદત પુરી થતા જ સ્ટુડન્ટ સ્ટોરનો ચાર્જ આચાર્યશ્રીને સોંપવાનો રહેશે. તેમ કરવામાં કસુર થશે તો સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત થશે તેમજ સ્ટોર ખાલી કરાવવા માટે જે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેનો સઘળો ખર્ચ એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨૧) નિયમાનુસાર સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા માટેના જરૂરી લાયસન્સો અને પરવાનગીઓ જે તે એજન્સીએ સરકારશ્રીની નિયુક્ત કચેરીમાંથી જાતે મેળવી સસ્થાને એક માસ માં રજૂ કરવાના રહેશે, અને તેમાં બેદરકારી રાખવા બદલ એજન્સીની ઇજારો તાત્કાલિક અસરથી રદ થશે.

(૨૨) એજન્સીએ સ્ટુડન્ટ સ્ટોરમાં નોકરો પોતાની રીતે લાવવાના રહેશે, અને તેઓની સંપૂર્ણ જવાબદારી નિયુક્ત થયેલ એજન્સીની રહેશે. સ્ટુડન્ટ સ્ટોરમાં કામ કરતા દરેક કર્મચારીઓના નામ, સરનામા તથા ફોટાની માહિતી સંસ્થાના કાર્યાલયમાં અને સ્ટુડન્ટ સ્ટોર ઈન્ચાર્જશ્રી ને સબમીટ કરવાના રહેશે.

(૨૩) એજન્સી એ પોતાની કામગીરી માટે રોકેલ કર્મચારીઓ તથા નોકરોનો પગાર, ખાધાખોરાકી અને અન્ય ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે. આ અંગે કચેરીની કોઇ જવાબદાર રહેશે નહી.

(૨૪) એજન્સી સ્ટુડન્ટ સ્ટોરના કોઇ ભાગને ભાડે અથવા પેટાભાડે આપી શકાશે નહી, તથા સ્ટુડન્ટ સ્ટોરના મકાનમાં વિના મંજૂરી કોઇ જાતનો ફેરફાર કરી શકશે નહી.

(૨૫) સ્ટુડન્ટ સ્ટોરની અંદર અને આસપાસની જગ્યાની સફાઇ કરાવવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૨૬) એજન્સી સંસ્થા દ્વારા આપવામાં આવેલ ફર્નિચર, ઈલેકટ્રીકલ આઇટમો કે અન્ય સાધનો કેમ્પસ બહાર લઇ જઇ શકશે નહીં, વાપરી શકશે નહીં. જો આવી બાબત ધ્યાનમાં આવશે તો કરાર રદબાતલ કરવામાં આવશે અને સિકયોરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨૭) એજન્સીએ સ્ટુડન્ટ સ્ટોરમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેમની ફરજ દરમ્યાન કોઇ અકસ્માત, મૃત્યુ કે શારીરિક ઈજાનો પ્રસંગ બને તો તે અંગેની જવાબદારી એજન્સીની રહેશે. આ અંગે ચૂકવવાપાત્ર નુકશાની કે દાવાની કોઇ રકમની ચુકવણી સંસ્થા કરશે નહી.

(૨૮) આચાર્યશ્રી/કમીટી તરફથી વખતો વખત મળતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૨૯) એજન્સીએ સ્ટુડન્ટ સ્ટોર સિવાયની અન્ય કોઇ ચીજ-વસ્તુઓનું વેચાણ કરી શકશે નહી.

(૩૦) શરતી ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૩૧) કોઇ પણ પ્રકારની તકરાર ના સંજોગો માં આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૩૨) એજન્સી પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી અને જો આમ થયાનું જાણવા મળશે તો એજન્સીને તાત્કાલીક અસરથી રદ કરવામાં આવશે.

(૩૩) સ્ટુડન્ટ સ્ટોરનો ઈજારો મળવાના કિસ્સામાં એજન્સીને કઇ જગ્યા ફાળવવી તેનો નિર્ણય આચાર્યશ્રી દ્વારા કરવામાં આવશે.

(૩૪) સ્ટુડન્ટ સ્ટોર ના સંચાલન વખતે કોઈપણ પ્રકારનું (વેસ્ટ/વોઇસ/નોઇસ/વાઇબ્રેશન/સ્મોક વિગેરે પ્રકારે) ન્યુસન્સ થાય નહી તે જરૂરી છે. જાહેર આરોગ્ય/જાહેરહિતના સામાન્ય નિયમોનું પાલન નહી કરવા બાબતની જો કોઇ ફરિયાદ માલૂમ પડશે, તો તેનો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવશે અને કાયદાકીય રાહે પગલા લેવામાં આવશે.

(૩૫) જો લઘુત્તમ ભાવો સરખાં આવવાના કિસ્સામાં એજન્સીનો અનુભવ અને અન્ય માપદંડને ધ્યાનમાં લેવામા આવશે. એજન્સીને કોન્ટ્રાકટ આપવો કે નહી તેનો આખરી નિર્ણય આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા પાસે અબાધિત રહેશે.

(૩૬) ટેન્ડર સાથે બીડવાની વિગતો/દસ્તાવેજો ની અપૂર્ણતાને કારણે ટેન્ડર રદબાતલ થઇ શકે છે.

(૩૭) પૂર્વલાયકાત ન ધરાવતી એજન્સીને ગેરલાયક ઠેરવવામાં આવશે.

(૩૮) એજન્સીએ સ્ટુડન્ટ સ્ટોરચલાવવા માટે રાખેલ વર્કરો માટે નીચે જણાવેલ કાયદાઓનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(અ) વર્કમેન લેબર રેગ્યુલેશન એકટ
(બ) મીનીમમ વેજીસ એકટ
(ક) પ્રોવીડન્ટ ફન્ડ એકટ
(ડ) ઇ. એસ. આઈ. વગેરે

(૩૯) એજન્સીએ સ્ટુડન્ટ સ્ટોરમાં કામ કરતાં કામદારોનું મેડીકલ ચેક અપ દર ૦૬ (છ) મહિને લાયકાત ધરાવતા ડોકટર પાસે કરાવવાનું રહેશે, તે પ્રમાણપત્ર સ્ટુડન્ટ સ્ટોર ઈન્ચાર્જશ્રી ને સબમીટ કરાવવાનું રહેશે. જો કોઈ કામદાર રોગથી પીડાતો હોય, તો તુંરત જ તેને દૂર કરવાનો રહેશે.

(૪૦) નીચે જણાવ્યા મુજબના કારણોસર એજન્સી નો કરાર આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા તરફથી (૧૫) દિવસની નોટીસ આપ્યેથી રદ કરી શકશે.

(અ) જો એજન્સી કામ અધૂરું છોડીને ચાલ્યા જાય.
(બ) જો એજન્સી ટેન્ડરની શરતો મુજબ કામ કરવામાં નિષ્ફળ તથા બેદરકાર બને.

(૪૧) આ કરાર સંસ્થા દ્વારા વ્યાજબી જણાતા કોઈપણ કારણોસર ટર્મીનેટ કરવાની સત્તા આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસાની છે અને તેમનો નિર્ણય આખરી અને લાગતાવળગતાઓને બંધનકર્તા રહેશે.

(૪૨) કોઈ પણ મતભેદ કે તકરાર મોડાસા ન્યાય અધિકરણને આધીન રહેશે.

**(૪૩) સ્ટુડન્ટ સ્ટોરના નિભાવ ખર્ચ પેટે ની લઘુત્તમ રકમ રૂ ૧૫૦૦/- (એક હજાર પાંચસો રૂપિયા પુરા) નક્કી કરેલ હોઈ તેનાથી વધુ રકમ ટેન્ડર ના પરિશિષ્ટ-૪ ના પત્રક માં ભરવાની રહેશે. સ્ટુડન્ટ સ્ટોર ના નિભાવ ખર્ચ પેટે ની લઘુત્તમ રકમ થી ઓછી રકમ ભરનાર એજન્સી નું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. સ્ટુડન્ટ સ્ટોરના નિભાવ ખર્ચ પેટે સૌથી વધુ રકમ આપનાર એજન્સીને સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા માટેનો ઈજારો આપવામાં આવશે.**

**ઉપરોક્ત તમામ શરતો મેં સમજીને વાંચી અને તે બધી જ શરતો મને મંજુર છે. જો મને કોન્ટ્રાકટ મળશે, તો તેનું અક્ષરશ: પાલન કરવા હું બંધાયેલ છું.**

તારીખ:

સ્થળ:

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

## પરિશિષ્ટ-૨

## સ્ટુડન્ટ સ્ટોર માટેના ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો

| | | | |
|---|---|---|---|
| ૧ | એજન્સીના માલીકનું નામ | : | |
| ૨ | એજન્સીનું નામ તથા સરનામું અને મોબાઈલ નબર | : | |
| ૩ | રજીસ્ટ્રેશન કેન્દ્ર સરકારના વિભાગો/રાજ્ય સરકારના વિભાગો/મ્યુનિસિપલ કોર્પોરેશન વગેરેનું રજીસ્ટ્રેશન નોંધણી નંબર | : | |
| ૪ | વ્યવસાયમાં જોડાયાનુ વર્ષ | : | |
| ૫ | વ્યવસાયવેરો રજીસ્ટ્રેશન નંબર | : | |
| ૬ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર જો હોય તો (લાગુ ન પડતું હોય તો કારણો દર્શાવવા) | : | |
| ૭ | પ્રોવિડન્ટ ફંડ ઈ.એસ.આઈ. નંબર (લાગુ ન પડતુ હોય તો કારણો દર્શાવવા) | : | |
| ૮ | આવક વેરા હેઠળ નોંધાવેલ PAN નંબર | : | |
| ૯ | છેલ્લા ત્રણ વર્ષનાં નાણાંકિય આઇ. ટી. રીટર્ન ની પ્રમાણિત નકલો | : | |
| ૧૦ | એજન્સી પાસે તાલિમબધ્ધ સ્ટાફ છે? તેની વિગત | :<br>: | |
| ૧૧ | પૂર્વ ઇતિહાસ સ્વચ્છ છે? સંસ્થાના નાણાંકિય ડિફોલ્ટર નથી તેવું રેકર્ડ પર પોલીસ કેસ નથી તેનું નોટરી કરાવેલું બાંહેધરી પત્ર આપવું. | : | |
| ૧૨ | અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ ભર્યાની રસીદની વિગત ડ્રાફ્ટ નંબર તારીખ બેંકની વિગત | :<br>: | |
| ૧૩ | સ્ટુડન્ટ સ્ટોર ચલાવવાનો અનુભવ અંગેના પ્રમાણ પત્રો (નકલ સામેલ રાખવી) | : | |
| ૧૪ | ટેન્ડર ફીની રકમ રૂ.૧૦૦૦/- ભર્યાની રસીદની વિગત/ ડ્રાફ્ટ નંબર, તારીખ, બેંકની વિગત | | |

અરજદારની સહી અને સિક્કા:

## પરિશિષ્ઠ ૩
## (પૂર્વ લાયકાત ફોર્મ)
## સ્ટુડન્ટ સ્ટોર માટેના ટેન્ડર ફૉર્મ સાથે જોડવાના દસ્તાવેજ તથા પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો

| ક્રમ | જોડવાના દસ્તાવેજ અથવા પ્રમાણપત્રો | સામેલ છે? હા/ના સ્પષ્ટ લખવું |
|---|---|---|
| ૧ | અરજદારના પાસપોર્ટ સાઇઝના ફોટા નંગ – ૧ (પેજ ન ૧ પર લગાવવો) | |
| ૨ | ફોટા સાથેની કાયમી રહેઠાણના પુરાવાની નકલ (ઇલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટની પ્રમાણિત નકલ, આધાર કાર્ડ વગેરેમાંથી ગમે તે ૦૧) | |
| ૩ | મ્યુનિસિપલ કોર્પોરેશન / ગુમાસ્તાધારા અંતર્ગત સંસ્થાની નોધણી અંગેનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પ્રમાણપત્રની નકલ. | |
| ૪ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર નો પુરાવો જો હોય તો | |
| ૫ | પ્રોવિડન્ટ ફંડ ઈ.એસ.આઇ. નંબર નો પૂરાવો જો હોય તો | |
| ૬ | PAN કાર્ડની પ્રમાણિત નકલ. | |
| ૭ | છેલ્લા ત્રણ નાણાકીય વર્ષની ઇન્કમટેક્સ રિટર્ન ભર્યા ની નકલ. | |
| ૮ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે? સંસ્થાના નાણાંકિય ડિફોલ્ટર નથી તેવું રેકર્ડ પર પોલીસ કેસ નથી તેનું નોટરી કરાવેલું બાંહેધરી પત્ર | |
| ૯ | કોઈ પણ સ્થળે કામગીરી બદલ 'અયોગ્ય' ઠરાવાયેલ નથી એવું અરજદારની નોટરી દ્વારા પ્રમાણિત નકલ. | |
| ૧0 | હાલમાં કામ/ કોન્ટ્રાક્ટ મેળવેલ હોય તેવી સંસ્થાઓના વર્ક ઓર્ડર અને સંતોષકારક કામગીરીના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ. | |
| ૧૧ | ટેન્ડર ફોર્મ ફી ની રસીદ ની નકલ / ડિમાન્ડ ડ્રાફ્ટ ની વિગત<br>ડી. ડી. ચેક નં : ___________ તારીખ __________ રકમ રૂ.: _______________<br>બેંક : __________________________ | |
| ૧2 | અર્નેસ્ટમની ડીપોજીટ ની રસીદ ની નકલ / ડિમાન્ડ ડ્રાફ્ટ ની વિગત<br>ડી. ડી. ચેક નં : ___________ તારીખ __________ રકમ રૂ.: _______________<br>બેંક : __________________________ | |

ચકાસણી કરનાર અધિકારીઓના નામ અને સહી:

(૧) (૪)

(૨) (૫)

(૩) (૬)

**<u>પરિશિષ્ઠ ૪</u>**

**<u>નોંધ – ભાવ-પત્રક અલગ કવરમાં આપવું</u>**

**<u>સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા ખાતે આવેલ સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા માટેની સેવા પૂરી પાડવા માટેના પેઢી/એજન્સી તરફથી ઓફર કરવામાં આવેલ નિભાવ ખર્ચ પેટે ની રકમ નું પત્રક</u>**

પેઢી નું નામ : ____________________________________________

આથી હું નીચે સહી કરનાર એ બાબત સાથે સંમત થાઉ છું કે

(૧) આ ટેન્ડર માં જણાવેલ પરિશિષ્ઠ ૧ ની શરતો વાંચી અને સમજેલ છે.

(૨) પરિશિષ્ઠ ૨ માં તમામ જરૂરી વિગતો ભરેલ છે

(3) પરિશિષ્ઠ ૩ માં માગેલ દસ્તાવેજો જોડેલ છે.

મારા આ સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા માટેના સંસ્થાને પ્રતિ માસ ચૂકવવાની નિભાવ ખર્ચ પેટે નીચે જણાવ્યા મુજબ ની રકમ ચૂકવવાની તૈયારી દર્શાવું છું. આ રકમ ઉપરાંત પ્રતિ માસ ના ઇલેકટ્રીક પાવર ના વપરાશ અગે સંસ્થા તરફથી આકારવામાં આવેલ ઇલેકટ્રીક બીલ ની રકમ ભરવા પણ હું બંધાયેલ છું.

એજન્સી દ્વારા નિભાવ ખર્ચ પેટે સંસ્થાને ચૂકવવાનો માસિક દર રૂપિયા _________________

(શબ્દોમાં ________________________________________________________________)

**(ઇલેકટ્રીક બીલ ની રકમ સિવાય)**

આ કામગીરી માટે કુલ ચૂકવવાની થતી રકમ હું દરેક માસ ની ૧૦ તારીખ સુધી ભરપાઈ કરી દઇશ તેની બાંહેધરી આપું છું.

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

**નોધ: સ્ટુડન્ટ સ્ટોરના નિભાવ ખર્ચ પેટે ની લઘુત્તમ રકમ રૂ ૧૫૦૦/- (એક હજાર પાંચસો રૂપિયા પુરા) નક્કી કરેલ હોઈ તેનાથી વધુ રકમ ટેન્ડર ના પરિશિષ્ટ-૪ ના પત્રક માં ભરવાની રહેશે. સ્ટુડન્ટ સ્ટોર ના નિભાવ ખર્ચ પેટે ની લઘુત્તમ રકમ થી ઓછી રકમ ભરનાર એજન્સી નું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. સ્ટુડન્ટ સ્ટોરના નિભાવ ખર્ચ પેટે સૌથી વધુ રકમ આપનાર એજન્સીને સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા માટેનો ઈજારો આપવામાં આવશે.**